Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# જૂનાગઢ રાજયના પ્રજા કલ્યાણકારી વિવિધ ધારાઓ (ઇ.સ.૧૮૬૭-૧૯૪૭)

ડો.ઝેનામાબીબી અમુમીયાં કાદરી
આસિ. પ્રોફેસર - ઇતિહાસ મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ- રાંધેજા, ગૂજરાત વિદ્યાપીઠ,
ગાંધીનગર -382620 મો.નં- 9904673726 , 8141393046.

**સારાંશ :**

કોઇપણ રાજય પોતાનો વહીવટ સારી રીતે ચાલે તે માટે અને પ્રજા ની સુખાકારી માટે વિવિધ પ્રકાર ના નીતિ નિયમો ઘડતુ હોય છે. અહી જૂનાગઢ રાજયે સુવ્યવસ્થિત શાસન ચલાવવા માટે ઇ.સ.૧૮૬૭ થી ૧૯૪૭ સુધી ૩૦ જેટ્લા ધારાઓ ઘડયા હતા. આ ધારાઓની અધિકારીઓ અને પ્રજાજનોને તલસ્પર્શી જાણકારી મળી રહે એ હેતુથી જૂનાગઢ રાજયના રાજપત્ર 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' માં આ ધારાઓ પ્રગટ કરવામાં આવતા હતા. આ ધારાઓના અભ્યાસ થી જે તે સમયની વાસ્તવિક પરિસ્થિતિ તથા વહીવટીતંત્રનો ચિતાર મળે છે.

**પ્રસ્તાવના:-**

ઓગણીસમી સદી એ ભારતના ઇતિહાસમાં મહત્વની અને સુધારાઓની સદી ગણવામાં આવે છે. આ સદીએ જ ભારતને આધુનિક યુગમાં પ્રવેશ કરાવ્યો. ઓગણીસમી સદીના પ્રથમ દાયકામાં જ ઇ.સ. ૧૮૦૭-૦૮ માં થયેલ 'વોકર કરાર' કે જે સૌરાષ્ટ્રનાં ઇતિહાસમાં એક અવિસ્મરણીય બનાવ ગણાય છે. આ કરારને પરિણામે સૌરાષ્ટ્રનાં રાજ્યોના પારસ્પરિક યુદ્ધો બંધ થયા અને વિકાસ તથા પ્રગતિ માટેની ભૂમિકા રચાઇ. ઉપરાંત ઇ.સ. ૧૮૨૦-૨૨માં રાજકોટમાં બ્રિટીશ એજન્સી સ્થપાઇ અને સૌરાષ્ટ્રમા સમૃધ્ધિ અને સુધારાના નવા યુગનો પ્રારંભ થયો.

સૌરાષ્ટ્રમાં રાજકીયક્ષેત્રે સ્થિરતા આવતા દેશી રજવાડાઓએ પોતાના રાજયની પ્રજાની સુખાકારી માટે અનેક પ્રકારના કલ્યાણકારી કાર્યો કર્યા. અહીં સૌરાષ્ટ્રના સૌથી મોટા મુસ્લિમ રાજ્યે પ્રજા માટે કરેલા કલ્યાણકારી ધારાઓનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

જૂનાગઢ ઉપર કુલ નવ નવાબોએ શાસન ચલાવ્યુ. જૂનાગઢ રાજ્યનો વિસ્તાર ૩,૩૩૭ સ્ક્વેર માઇલનો હતો. જૂનાગઢ રાજ્યમાં કુલ ૮૬૧ ગામો આવેલા હતા ૧ અને આખુ રાજ્ય ૨૩ મહાલોમાં વહેંચાયેલુ હતુ. છઠ્ઠા નવાબ મહાબતખાનજી બીજા (ઇ.સ. ૧૮૫૧ થી ૧૮૮૨) થી માંડીને નવમાં નવાબ મહાબતખાનજી ત્રીજા (ઇ.સ. ૧૯૧૧ થી ૧૯૪૭) ના સમય દરમ્યાન રાજ્યએ ત્રીસ જેટલા જુદા-જુદા ધારાઓ પ્રગટ કર્યા હતા.

**-: રાજ્યએ પ્રગટ કરેલા મહત્વના ધારાઓ:-**

સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ચલાવવા માટે કેટલાક ધારાઓની જરૂર પડે છે. અને આ ધારાઓ સમયાંતરે ફેરફાર પણ પામતા રહે છે. આથી આ ધારાઓની અધિકારીઓ અને પ્રજાજનોને તલસ્પર્શી જાણકારી મળી રહે એ હેતુથી જૂનાગઢ રાજયના રાજપત્ર 'દસ્તુરલ અમલ

સરકાર જૂનાગઢ' માં આ ધારાઓ પ્રગટ કરવામાં આવતા હતા.

**-: બાબરિયાવાડ ધારો:-**

બાબરિયાવાડ એ જૂનાગઢનો એક અગત્યનો મહાલ હતો. તેના મૂળ ગરાસિયાઓ વરૂ, ધાખડા વગેરે અટકના કાઠી દરબારો હતા. આ કોમ જોરાવર અને બહાદુર ગણાતી હોવાથી તેના ઉપર લગામ રાખવા માટે આ ધારો તા. ૨૮-૧૧-૧૮૬૭ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.૨

આ ધારો કુલ છ ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં બાબરિયાવાડનાં મૂળ ગરાસિયાઓ અને જૂનાગઢ રાજ્ય વચ્ચેનાં સંબંધો કયા પ્રકારનાં રહેશે અને વેઠ, પેશકશી અને અન્ય વેરા કઇ રીતે ઉઘરાવવાના અને આ બાબતે કોઇ વાંધા વચકા પડે તો તેનો ઉકેલ થાણદારે તથા દીવાની અદાલતોના ન્યાયધીશે આપવાનો હતો. તેમ એમાં જણાવવામાં આવ્યુ હતુ.

આ ધારાનો તલસ્પર્શી નિરીક્ષણ કરતા જણાય છે કે, આ ધારો જૂનાગઢ રાજ્ય અને બાબરિયાઓ બન્ને ને ફાયદાકારક નિવડે તે માટે જૂનાગઢ રાજ્યએ પ્રસિદ્ધ કરાવ્યો હતો.

**-: સૌરાષ્ટ્ર ડાકખાતાનો ધારો:-**

જૂનાગઢ રાજયનો ઉત્તમોત્તમ અને નમૂનેદાર એવુ જો કોઇ કાર્ય હોય તો તે છે 'સૌરાષ્ટ્ર પોસ્ટ' ની સ્થાપના. આ પહેલા ટપાલો હલકારા મારફત દરેક સ્થળોએ પહોંચાડવામાં આવતી હતી. પરંતુ બ્રિટીશ સરકાર તરફથી પરવાનગી મળતા ઇ.સ. ૧૮૬૩ માં ૩ 'સૌરાષ્ટ્ર પોસ્ટ' ની શરૂઆત કરવામાં આવી. આ પછી વ્યવસ્થિત પોસ્ટ ખાતાની સ્થાપના કરવામાં આવી અને પોસ્ટ માસ્તરો અને ટપાલીઓની ભરતી કરવામાં આવી. જૂનાગઢ શહેરમાં હેડ પોસ્ટ ઓફિસ સ્થાપી અને રાજ્યમાં ૩૫ પેટા પોસ્ટ ઓફિસ અને ૬ બ્રાંચ પોસ્ટ ઓફિસો ૪ ધીરે-ધીરે ખોલવામાં આવી હતી. આ પછીતો પોસ્ટ વિભાગ પ્રગતિ કરતો જ રહ્યો.

પછી આ બાબતે એક ધારો સં - ૧૯૨૪ માં અષાઢ માસમાં ૧લી તારીખથી બે ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને તે જ દિવસથી તે અમલમાં પણ મુકવામાં આવ્યો હતો.

આ ધારામાં ટપાલનાં દર ૫ અને અન્ય સામગ્રીઓના દર, પરત ફરેલા પત્રો અને ટિકિટો સંબંધી અને પોસ્ટનાં ગુનાઓ સંબંધી વિગતો જાહેર કરવામાં આવી હતી.

**-: શિકાર ધારો:-**

નવાબ મહાબતખાનજી બીજાનાં સમયમાં ઇ.સ. ૧૮૮૦ માં પોલિટીકલ એજન્ટની સુચનાથી રાજ્યએ આ ધારો પ્રસિદ્ધ કર્યો હતો. આ ધારાથી રાજ્યમાં કોઇપણ વ્યક્તિ પરવાના વગર શિકાર ન કરે તેવો પ્રતિબંધ ફરમાવ્યો હતો. જે લોકોએ શિકાર કરવો હોય તે લોકોએ રાજ્ય પાસે શિકારનો પરવાનો લેવાનુ ફરજિયાત બનાવ્યુ હતુ. જે કોઇ વ્યક્તિ આ ધારા પ્રગટ થયા પછી શિકાર કરતા પકડાય તો તેના હથિયારો લઇ લેવામાં આવતા હતા અને કાયદેસરની સજા કરવામાં આવતી હતી.

ઇ.સ. ૧૮૯૬ માં આ ધારામાં થોડા સુધારા વધારા કરવામાં આવ્યા હતા. જે અનુસાર શિકારનો ગુનો સાબિત થયે એક માસની સજા અથવા ૨૦૦ કોરીનો દંડ કરવામાં આવતો હતો અને સિંહના શિકાર બદલ છ માસની સજા અથવા ૧૦૦૦ કોરીનો દંડ કરવામાં આવતો તેમજ શિકાર વખતે સામેલ હથિયારો ખાલસા કરવામાં આવતા.

શિકાર કરવા બાબતનો પરવાનો દીવાન દફતરે અરજી કરવાથી મળતો અને સિંહનો શિકાર કરવાની પરવાનગી ખાસ કારણ હોય તો જ આપવામાં આવતી હતી. આ ધારાના ભંગ બદલ ગુનેગારને વગર વોરંટે પકડી શકાતો હતો. ૬

નવાબ મહાબતખાનજી ત્રીજાને રાજ્યમાં સિંહની વસતી ઘટતી જતી હોવાનુ માલુમ પડતા તેમણે ઇ.સ. ૧૯૨૫માં ફરમાન ૭ જાહેર કર્યું હતુ કે, “આજ સુધીમાં ‘શિકાર ધારા’ હેઠળ અપાયેલા તમામ પરવાના રદ્દ સમજવા અને ખાસ મારી પરવાનગીથી જ ખાસ અપવાદો માટે જ શિકારનો પરવાનો અપાશે. જેમાં રાજ્ય એ માનવંતા મહેમાનો માટે કરેલી શિકારની ગોઠવણ અપવાદરૂપ ગણાશે. જો કે ખેતીને નુકસાન કરતા ભૂંડ, શેઢાડી, શિયાળ વગેરેનાં શિકાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો ન હતો.”

-: **સૌરાષ્ટ્ર તોલમાપનો ધારો**:-

આ ધારાને સં ૧૯૬૨નો ‘સૌરાષ્ટ્ર તોલમાપનો ધારો’ નામે ઓળખવામાં આવતો. તેને નવાબ રસુલખાનજીનાં સમયમાં તા. ૧૦-૯-૧૯૦૫ ના રોજ અમલમાં મૂકવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર સરકારનાં વિસ્તારમાં બધે સ્થળે તોલ તથા ભરતથી ચાલતા વ્યવહારો માટે એક સરખા ખાત્રીવાળા કાટલા તથા માપો દાખલ કરવા માટે અને અજાણ્યા તથા અભણના હિતાર્થે ઘડવામાં આવ્યો હતો.

જેમાં તોલમાપનાં પ્રમાણો, તોલમાપની વપરાશ, કાટલા તથા માપો છપાવવા તેમજ આ ધારાની કલમોનો ભંગ કરવા બદલની સજા વિશે જણાવવામાં આવ્યુ હતુ. ૮

-: **જાહેર મિલકતોને નુકશાન નહિં પહોચાડવા બાબતનો ધારો**:-

આ ધારો તા. ૨૫-૦૫-૧૯૧૫ ના રોજ વહિવટદાર એચ.ડી.રેન્ડોલે પ્રસિદ્ધ કર્યો હતો. આ ધારા મુજબ લોકો ઉપર વાંધા ભરેલી જાહેરખબરો અને જાહેરનામાઓ ક્યાંય પ્રસિદ્ધ કરવાની મનાઇ ફરમાવવામાં આવી હતી. આ સિવાય જાહેર મકાનો, સ્મારક ચિન્હો, ગિરનાર ડુંગર ઉપરની જગ્યાઓ અને શહેરની કોઇ જગ્યાએ નામ, લખાણ કે ચિત્ર દોરીને એ મિલકતને બગાડ્વા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. ૯

આ સિવાય આ ધારા મુજબ રાજ્યએ નક્કિ કરેલા પેશાબખાના કે પાયખાના સિવાયની જૂનાગઢ રાજયની માલિકી અને કબજાનાં કોઇપણ જાહેર સ્મારકની હદ્દમાં કોઇને પેશાબ કરવા કે પાયખાને જવા ઉપર પ્રતિબંધ મૂક્યો હ્તો.

આ ધારા મુજબ જાહેર મિલકતોને ચિત્રીત કરી બગાડ્યા બદલ ગૂનો સાબિત થયે ત્રણ માસની કેદની સજા કે રૂ. ૫૦૦ સુધીની દંડની સજાકે બન્ને પણ થતુ. જ્યારે આવા સ્થળે પેશાબ કરવા જવાના ગુના માટે રૂ. ૧૫ નો દંડ કરવામાં આવતો હતો.

-: **જાહેર જગ્યાઓમાં ચા ની હોટલ અને ફેરી કરવા બાબતનો ધારો**:-

આ ધારો તા. ૨૮-૦૫-૧૯૧૫નાં રોજ વહીવટદાર એચ.ડી.રેન્ડોલે પ્રસિદ્ધ કર્યો હતો. આ ધારો લોકોની તંદુરસ્તી અને સગવડતાને ખ્યાલમાં રાખી ઘડવામાં આવ્યો હતો.

આ ધારા મુજબ જૂનાગઢ મ્યુનિસિપાલિટીની હદની જાહેર જગ્યાઓ અને મહોલ્લામાં ચા ની હોટલ ખોલવા ઉપર ઉપર તથા કોઇપણ વસ્તુની ફેરી કરી વેચવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જે કોઇને એમ કરવુ હોય તેને રૂ. ૧૦ આપી પરવાનો આપવામાં આવતો હતો.

આવા પરવાના વિના જે કોઇ હોટલ ખોલે તેનો ગુનો સાબિત થયે રૂ. ૫૦ નો દંડ કરવામાં આવતો હતો.

-: **છાપખાના અને વર્તમાનપત્રોને લગતો ધારો** :-

આ ધારો તા. ૨૪-૦૩-૧૯૨૪ ના રોજ દીવાન દ.શ્રી.વીરાવાળા એ પ્રસિદ્ધ કર્યો હતો. આ ધારો સં ૧૯૮૦ ચૈત્ર સુદી – ૧ ને શનિવારથી અમલમાં આવ્યો હતો.

આ ધારા મુજબ કોઇપણ વ્યક્તિ રાજ્યમાં દીવાનની લેખિત પરવાનગી વિના રાજ્યના કોઇપણ ભાગમાં પુસ્તકો, પત્રો, બહાર પાડી કે છાપી શકતા નહિ. આ ધારામાં લોકોએ આવી પરવાનગી કઇ રીતે મેળવવી તે પણ સારી રીતે સમજાવવામાં આવ્યુ હતુ. અને આવી પરવાનગી મેળવનારે પુસ્તકો, છાપાઓ, પત્રિકાઓ પ્રસિદ્ધ કરતી વખતે કે છાપતી વખતે કઇ-કઇ બાબતોનુ ધ્યાન રાખવાનુ છે તે પણ બતાવવામાં આવ્યુ હતુ. જેમાં ખાસ કરીને રાજનીતિ સંબંધી ટીકાત્મક લખાણ છાપીને પ્રસિદ્ધ કરી શકાતુ નહિં.

આ ધારા મુજબ કોઇપણ પુસ્તક, પત્રિકા કે છાપામાં છાપનારે છાપખાનાનું નામ અને સ્થળ શુદ્ધ અક્ષરોમાં જણાવવાનુ રહેતુ અને એવા દરેક અંકની એક નકલ દીવાન દફતરે મફત પુરી પાડવાની રહેતી હતી.

આ ધારાના કોઇ નિયમોના ભંગ બદલ રૂ. ૫૦૦૦ થી વધુ નહિં તેટલો દંડ અથવા બે વર્ષથી વધુ નહિ એટલી સાદી કેદ કે બન્ને સજા કરી શકાતી હતી. જો કોઇ વ્યકિત પોતે છાપેલ કોઇ અંક દીવાન દફતરે પહોંચાડવામાં ચૂકી જાયતો તેને રૂ. ૫૦ નો દંડ કરવામાં આવતો હતો.

-: **ફટકાની શિક્ષા કરવા બાબતનો ધારો** :-

આ ધારો સં ૧૯૩૬ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ ધારો પ્રગટ કરવા પાછળ ત્યારના સમયે બહારવટાનાં વધેલા દુષણને પણ ગણાવી શકાય. આ ધારા હેઠળ ચોરી, અપહરણ, ધાડ, ઘરફોડ વગેરે બાબતે ફટકાથી સજા કરવામાં આવતી હતી. આ ફટકાની સજા માંથી સ્ત્રી અને બાર વર્ષથી નીચેનાં બાળકોને મુક્ત રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સં ૧૯૪૫ માં આ ધારાના જૂના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ ધારામાં નવાબ મહાબતખાનજી ત્રીજાએ ઘણા ફેરફારો કરીને નવેસરથી તા. ૨-૧૦-૧૯૩૩ ના રોજ મંજૂર કર્યો હતો. આ ધારો થતા પાછ્લા ધારાને રદ્દ કરવામાં આવ્યો હતો. આ નવા ધારામાં ફટકાની સજા બાબતે અન્ય ફોજદારી કલમ મુજબનાં ગુનાઓ ઉમેરવામાં આવ્યા હતા. આવી સજા પામનારને ૩૦ કરતા વધુ ફટકા ન મારવા અને ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાને ૧૫ થી વધારે ફટકા નહિં મારવાનુ જણાવવામાં આવ્યુ હતુ. ૧૦

-: **જૂનાગઢ સ્ટેટ મ્યુનિસિપલ ધારો** :-

આ ધારો નવાબ મહાબતખાનજી ત્રીજાનાં સમયમાં સં ૧૯૮૯ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જે માત્ર જૂનાગઢ શહેરની મ્યુનિસિપાલિટીની હદમાં લાગુ પડતો હતો. આ ધારાને ખુબજ વિસ્તૃત સમજૂતી સાથે પ્રગટ કરવામાં આવ્યો હતો. જેમાં મ્યુનિસિપાલિટીનુ બંધારણ, કામકાજ ચલાવવા બાબતનાં નિયમો અને નોટિસની બજવણી પ્રમાણે કોઇ ન ચાલે તેને કેવી સજા કરવી તે બતાવવામાં આવ્યુ હતુ.

જૂનાગઢ અને વેરાવળ ઉપરાંત મહાલોના બીજા ૧૮ શહેરોમાં ૧૧ મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા હતી.

-: **પુરાતની સ્મરણ ચિન્હોના સંરક્ષણનો ધારો** :-

આ ધારો નવાબ મહાબતખાનજી ત્રીજાએ તા. ૬-૧૨-૧૯૩૨ ના રોજ મંજુર કર્યો હતો. જે દ્વારા રાજ્યમાં રહેલા પુરાતની સ્મરણ ચિન્હોનુ રક્ષણ કરવાનુ હતુ. આ ધારો માંગરોળ અને તેના સુવાંગ ગામો સિવાયના આખા જૂનાગઢ રાજ્યમાં લાગુ પડતુ હતો.

આ ધારામાં પુરાતની સ્મરણ ચિન્હોની વ્યાખ્યા પણ કરવામાં આવી હતી. અને એવી જગ્યાઓને ફરતી વાડ કે દિવાલ કરવાનુ કહેવામાં આવ્યુ હતુ. વળી, આ ધારામાં સમાવેશ થતા કોઇપણ પુરાતની સ્મરણ ચિન્હોને 'રક્ષિત સ્મરણ ચિન્હો' હોવાનુ 'દસ્તુરલ અમલ' માં પણ પ્રગટ કરવાનુ જણાવવામાં આવ્યુ હતુ. આ રીતે કોઇપણ પુરાતની સ્મરણ ચિન્હને રક્ષિત કરવાની જાહેરાત આવે ત્યારથી એક મહિનાની અંદર જ જે કોઇને વાંધા આવે તેનેજ ધ્યાને લેવામાં આવશે. એમ તેમા જણાવવામાં આવ્યુ હતુ.

કોઇ સ્મરણ ચિન્હોમા કોઇ જ્ઞાતિ નિયમિત રીતે તેની ધાર્મિક સેવા પૂજા કરતી હોય તો તેનો પણ રાજ્ય ખ્યાલ રાખી તેની લાગણીને રાજ્ય દુભાવતુ નહિં.

રાજ્યે રક્ષિત કરેલા સ્મરણ ચિન્હોનો કોઇ નાશ કરે, ખસેડે, નુકશાન કરે તો તેવા શખ્શને રૂ. ૧૦૦૦ સુધીનો દંડ કરવામાં આવતો હતો. આ સિવાય આ ધારામાં ઉત્ખનન (ખોદકામ) સંબંધી કેટલાક નિયમો ભળ્યા હતા. જે નિયમ મુજબ રાજ્ય કોઇ એવા અગત્યનાં સ્થળે ખોદકામ થતુ અટકાવી શકાતુ હતુ. આ ધારાને અંતે જૂનાગઢ, વંથલી, વેરાવળ-પાટણ, ઉના, દેલવાડા, બાબરિયાવાડ, સૂત્રાપાડા, બગસરા, પ્રસનાવાડા,૧૨ વિસાવદર, કુતીયાણા અને ગીરમાં આવેલા રક્ષિત સ્મારકોની યાદી આપવામાં આવી હતી.

-: **શીળીની રસી મૂકવાનાં ફરજીયાત ધોરણોનો ધારો** :-

આ ધારો નવાબ મહાબતખાનજી ત્રીજાના સમયમાં તા. ૨૬-૭-૧૯૩૪ ના રોજ કાર્યકારી દીવાન જે. મોન્ટીથની સહીથી પ્રસિદ્ધ કરાયો હતો. આ ધારા મુજબ રાજ્યનાં ચીફ મેડીકલ ઓફિસરે વેક્સીનેશન ખાતાના ઉપરી અધિકારીના સાથથી રાજ્યની સૂચના મુજબ બાળકોને રસી આપવાની હતી. જો કોઇ વ્યક્તિ વ્યાજબી કારણ વિના બાળકને રસી ન મુકાવે તો તે બદલ તેમને રૂ. ૫૦ નો દંડ કરવાની ૧૩ આ ધારામાં જોગવાઇ હતી.

-: **સૌરાષ્ટ્ર વેપાર અને વેપારની ચીજો ઉપરના ચિન્હો સંબંધનો ધારો** :-

આ ધારો તા. ૧-૧૧-૧૯૩૪ ના રોજ અમલમાં આવ્યો હતો. જે પાંચ ભાગમાં હતો. આ ધારા મુજબ જે કોઇ કારખાનેદાર કે વેપારીઓએ પોતાનુ ચિન્હ પસંદ કર્યુ હોય તે કોઇ બીજો વેપારી આ ચિન્હનો ઉપયોગ કરી શકતો ન હતો અને જો કોઇ દગો કરે તો સાબિત થયે તેને એક વર્ષની કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષા કરવામા આવશે. આ કાયદા મુજબ વેપારીઓ પોતાના માલ ઉપર કોઇપણ ખોટી ટીકડીઓ લગાવી શકતા નહિ.

આ ઉપરાંત વકિલોનો ધારો, ખેડુતોના સંરક્ષણનો ધારો, ખ્રિસ્તીઓનાં લગ્નવિધિ બાબતનો ધારો, સૌરાષ્ટ્ર કારખાના બાબતનો ધારો વગેરે જેવા ત્રીસ જેટલા જુદા-જુદા ધારાઓ આ સમય દરમ્યાન અમલમાં આવ્યા હતા.

-: **ઉપસંહાર** :-

ઉપરોક્ત ધારાઓનો ઝીણવટથી અભ્યાસ કરતા જણાય છે કે, તે રાજ્ય અને પ્રજા બન્નેને ઉપયોગી હતા. રાજાશાહીના કાળમાં પણ પ્રજાલક્ષી વહીવટના દર્શન થાય છે.

વહીવટદાર રેન્ડોલના સમયમાં પસાર થયેલ ધારાઓમાં ઐતિહાસિક સ્મારકોના રક્ષણ અને પ્રજાના આરોગ્ય અને સગવડતાને સતત લક્ષમાં લેવામાં આવ્યુ છે જે સ્પષ્ટ દેખાઇ આવે છે.

અમુક ધારાઓમાં તે ધારાઓના ઘડવૈયાની બુદ્ધિમત્તાનાં દર્શન થાય છે. પરંતુ અહીં એમ પણ જણાય આવે છે કે, મોટાભાગનાં આ ધારાઓ આજના લોકશાહી યુગની જેમ તે રાજાશાહી યુગમાં પણ સુંદર પૃષ્ઠો જ શોભાવી રહ્યા હશે.

**-: પાદનોંધ :-**


૧) વૈષ્ણવ ભૂપતરાય, 'સંસ્થાન જૂનાગઢની ભૂગોળ', જૂનાગઢ, ઇ.સ. ૧૯૦૧, પૃ – ૩૨.

૨) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, સં.૧૯૨૪, માગસર, પૃ – ૫.

3) Malaviya R. A. 'Sorath Stamps and Postal History' Junagadh, First Ed. 1999 A.D. Page – 13.

૪) એ.ડી.એમ, જૂનાગઢ, ઇ.સ. ૧૯૩૯-૪૦, પૃ – ૧૫૧.

૫) સોઢા જે. પી., 'સોરઠનાં અંતિમ બાબી શાસક' જૂનાગઢ, ઇ.સ. ૨૦૦૪, પૃ – ૭૮

૬) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, સં ૧૯૫૨, જેઠ (પ્રથમ) પૃ – ૧૧૦.

૭) સોઢા જે. પી., 'સોરઠનાં અંતિમ બાબી શાસક' જૂનાગઢ, ઇ.સ. ૨૦૦૪, પૃ – ૮૦.

૮) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, સં – ૧૯૬૧, આસો, પૃ – ૨૩.

૯) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, સં – ૧૯૭૧, જેઠ, પૃ – ૬૧૫.

૧૦) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, ઇ.સ. ૧૯૩૩, નવેમ્બર, પૃ – ૧૧.

૧૧) સોઢા જે. પી., 'સોરઠનાં અંતિમ બાબી શાસક' જૂનાગઢ, ઇ.સ. ૨૦૦૪, પૃ – ૬૫.

૧૨) ખાચર પ્રધ્યુમન ભ. 'ઇતિહાસ મંજૂષા', જૂનાગઢ, ઇ.સ. ૨૦૦૮, પ્ર. આ. પૃ – ૩૯.

૧૩) દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, ઇ.સ. ૧૯૩૪ ઓગસ્ટ (વધારો) પૃ – ૭.